જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૪૪૪ લીટર દેશી દારૂ, ૨૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫૪ બીયર ટીન અને ૦૧ કાર કબજે કરાઈ હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૮૬/૨૦૨૫**

નરોડાઃ યશ જગદીશભાઈ રાશનમીયા (ઉ.વ.૨૬) (રહે. પ્રતિષ્ઠા હીલ્સ સાઉથ ઈન્ટરનેશનલ સ્કુલ પાસે નરોડા) એ તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યશ રાશનમીયાએ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ પોતાની ઓડી–૩ કાર નંબર ડીએલ ૦૧ સીએસ ૯૫૪૩ કિમત રૂપિયા ૮,૯૦,૦૦૦/– આરોપી મેમણ મજીદભાઈ હમીદભાઈ (રહે. અપ્સરા સેન્ટ ઝેવિયર સ્કુલ કલોલ ગાંધીનગર) નાઓને વેચાણ આપતા મેમણ મજીદભાઈ હમીદભાઈ એ રૂપિયા ૪૦,૦૦૦/– આપી બાકી નિકળતા રૂપિયા ૮,૫૦,૦૦૦/– આજદીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

ત્યજી દીધેલ હાલતમાં મૃત ભૃણ મળી આવવા બાબતઃ– **સમાચાર યાદી નં.૧૧૮૭/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ તા.૨૨/૦૮/૨૦૨૫ ના સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે સોલા સિવીલ હોસ્પીટલ ટ્રોમા વોર્ડના મહીલા બાથરૂમ નંબર–૦૧ ખાતેથી ત્યજી દીધેલ હાલતમાં મૃત ભૃણ મળી આવતા સોલા હાઈકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૮૮/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ નિરમા યુનીવર્સીટી એચ–૦૫ નવી બનતી સાઇટ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા દુર્ગાપ્રસાદ સ/ઓ રામગુલામ કોરી (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ– રાજાપુર તા–મરુઈ જી–બારાબંકી ઉતરપ્રદેશ) નાઓ તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક ૪/૫૫ વાગ્યાના સુમારે એચ–૦૫ નવી બનતી સાઇટના બીજા માળેથી પગ લપસી જતા પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

બોડકદેવઃ ધ ગોલ્ડ સ્કાયવીલા લેબર કોલોનીની બાજુમાં હેબતપુર ખાતે રહેતા અને મજુરી કામ કરતા વિકાસ પ્રેમભાઇ ડાંગી (ઉ.વ.૧૯) (મુળ વતન. સંજય કાલોની ગામ બરમંડલ તા–સરદારપુર જી–બરમંડલ ધાર મધ્યપ્રદેશ) તા.૨૨/૦૮/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે "સી" બ્લોકના બીજા માળે પાલક ઉપર ઉભા રહી સળીયા કાપવાનું કામ કરતા હતા ત્યારે પાલક તુટી જતા બીજા માળેથી નીચે પડતા પાલક તેમની ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિતેન્દ્રસિંહ મનુભા ચલાવે છે.

નારોલઃ મહેશ કાંતિલાલ કોટેડ (ઉ.વ.૨૨) (રહે. શક્તિનગર બજરંગ આશ્રમ પેટ્રોલપંપ સામે હીરાવાડી બાપુનગર) તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘી ઓરીજીન સાઇટ પુષ્પમ હાઇટ્સની બાજુમાં નવો ટી.પી.રોડ લાંભા ખાતે સાતમાં માળે કામ કરતા ત્યારે સાતમા માળેથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને રતન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદિશકુમાર દિનેશભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૮૯/૨૦૨૫**

વટવાઃ અશોકભાઈ કાંતીભાઈ શ્રીમાળી (ઉ.વ.૫૦) (રહે. રૂપ એવન્યુ રોપડા રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૫ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી